# યોગા દુનિયાભરના લોકોને એક સાથે જોડે છે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં ફરી એકવાર જુદા જુદા વિષયો ઉઠાવ્યા હતા પરંતુ આજના વિષયમાં



મોદીએ યોગાના વિષય ઉપર ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે, યોગથી વિશ્વભરના લોકો સાથે અમે જોડાઈ ગયા છે. યોગા વિશ્વના લોકોને એક સાથે જોડે છે. તેમણે કહ્યું હતું કે, વરસાદની સિઝન ચાલી રહી છે ત્યારે યોગને લાઈફના હિસ્સા તરીકે બનાવવાની જરૂર છે. આનાથી લોકોને ફાયદાઓ થશે. આ સંદર્ભમાં સેલ્ફી તેમને મોકલવા માટે પણ મોદીએ અપીલ કરી હતી. બેટી બચાવો બેટી પઢાવોનો મુદ્દો ફરીવાર ઉઠાવ્યો હતો. સોશિયલ મિડિયા મારફતે સંપર્કમાં રહેવાની પણ મોદીએ ખાતરી આપી હતી. મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે, ૨૦૨૨ સુધીમાં દરેક નાગરિકને આવાસની સુવિધા મળી જાય તેવો હેતુ રાખવામાં આવ્યો છે. દરેક મકાનમાં વિજળી, પાણીની સુવિધા રહે તેની જરૂર છે. સ્કૂલ અને ટોયલેટની સુવિધાની પણ તેઓએ વાત કરી હતી. વિશ્વ સાથે સ્પર્ધામાં ઉતરવા અને સ્માર્ટ સિટી સાથે આગળ વધી રહ્યા છે. સૌથી ગરીબ લોકો માટે આવાસના નિર્માણ માટે અમે કટિબદ્ધ છીએ. મોદીએ કહ્યું હતું કે, વેસ્ટ ટુ વેલ્થ જેવી સ્કીમને પ્રાથમિકતા આપવામાં આવે તેની જરૂર છે. આનાથી કચરાને પણ ખાતર અને વિજળી રૂપાંતરિત કરી શકાશે. શહેરો માટે અમે ત્રણ નવી યોજના શરૂ કરી ચુક્યા છે. આ સિઝન દરમિયાન જુદા જુદા રોગને દૂર રાખવા માટે સ્વચ્છતા ખુબ જરૂરી છે. વરસાદમાં આ પરિબળ મહત્વપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યારે વૃક્ષ લગાવવામાં આવે ત્યારે તેની કાળજી પણ જરૂરી બને છે. વરસાદી સિઝનમાં વધુ વૃક્ષો લગાવવાની જરૂરિયાત પર તેઓએ ભાર મુક્યો હતો. વરસાદી પાણીના જતનના સંદર્ભમાં પણ જાહેર ચળવળ હાથ ધરવામાં આવે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, પોરબંદરમાં મહાત્મા ગાંધીના નિવાસસ્થાનની તમે જ્યારે મુલાકાત લેશો ત્યારે તમને જાણવા મળશે કે અન્ડરગ્રાઉન્ડ પાણી જતન કરવાની વ્યવસ્થા રહેલી છે. અમને પાણીના દરેક ટીપાના જતનની જરૂર છે. આનો ઉપયોગ અન્યરીતે થઈ શકે છે. નવી ટેકનિક પણ અપનાવવામાં આવી શકે છે. વરસાદી પાણીથી સિંચાઈ કોઈ નવી ટેકનોલોજી નથી પરંતુ અમને આનો વધુ અસરકારરીતે અમલી બનાવવાની જરૂર છે. ઓગસ્ટ મહિનામાં રાખી તહેવાર આવનાર છે. અમે અમારી બહેનોને જીવન વિમા સ્કીમની ભેટ આપી શકીએ છીએ જેનાથી તેમને ફાયદો થશે. અમે ત્રણ સામાજિક સુરક્ષા યોજના ગયા મહિને શરૂ કરી હતી જેનાથી ૧૦ કરોડ લોકો જોડાઈ ચુક્યા છે. ૪.૫ લાખ ટોયલેટનું નિર્માણનું ટાર્ગેટ પૂર્ણ થવા આવ્યું છે. જે છેલ્લા ૬૦ વર્ષમાં થયું નથી તે કામ છેલ્લા એક વર્ષમાં થઈ રહ્યું છે. યમન અને નેપાળમાં ભારત સરકારે ઉલ્લેખનીય ઓપરેશન પાર પાડ્યા છે. આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણીમાં આયુષ વિભાગની ભૂમિકાને અમે નિહાળી ચુક્યા છે. ઓનલાઈન યોગા એક્ટિવીટી ડેટાબેઝ બનાવવા તેઓએ આઈટી પ્રોફેશનલોને અપીલ કરી હતી જેમાં કઈ જગ્યાએ અને કઈ રીતે શિક્ષણ મેળવી શકાય છે તે અંગેની માહિતી આપી શકાય છે. યોગા વિશ્વભરને એક સાથે જોડે છે. વિશ્વ હવે ભારત અંગે વધુ માહિતી ભેગી કરવા ઈચ્છુક છે. રાજપથ યોગપથ બની ચુક્યું છે. ફ્રાંસમાં એફિલ ટાવર, ન્યુયોર્કમાં ટાઈમ્સ સ્કેવર જેવી જગ્યાઓએ પણ યોગાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ દ્વારા જે રીતે યોગાને સન્માન મળ્યું છે તે તમામ માટે ગર્વની બાબત છે. પ્રવાસની દૃષ્ટિએ પણ આ મહત્વપૂર્ણ પગલું છે.

## પુત્રીની સાથે સેલ્ફી પહેલમાં સામેલ થવા મોદીની અપીલ

નવીદિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેલ્ફી વીથ ડોટર અથવા તો પુત્રી સાથે સેલ્ફીની પહેલમાં સામેલ થવા લોકોને અપીલ કરી હતી અને કહ્યું હતું કે આનાથી દેશના જુદા જુદા ભાગોમાં સેક્સ રેશિયોને કાબૂમાં લેવામાં મદદ મળશે. હાલમાં પુત્ર અને પુત્રીઓ વચ્ચે જે અંતરની સ્થિતિ છે તેને ઘટાડવાની જરૂર છે. પોતાના લોકપ્રિય મન કી બાદ કાર્યક્રમમાં મોદીએ આજે લોકોને સંબોધન કરતા ફરીવાર આ મુદ્દો ઉઠાવ્યો હતો. વડાપ્રધાને સંબોધનમાં કહ્યું હતું કે, હરિયાણામાં એક ગામના સરપંચે સેલ્ફી વીથ ડોટર પહેલ શરૂ કરી છે. આ પહેલ ખુબ જ પ્રશંસા પાત્ર છે. તેઓ પોતે પણ તમામ લોકોને પુત્રી સાથે સેલ્ફીની વહેંચણી કરવા અપીલ કરે છે. આનાથી બેટી બચાવ બેટી પઢાવોને પ્રોત્સાહન મળશે. મન કી બાતમાં મોદીએ દેશ સમક્ષ પોતાના વિચારોની આપલે કરી હતી. ત્રીજી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે આ કાર્યક્રમની પ્રથમ વખત શરૂ કરાઈહતી. ત્યારબાદ મોદી નિયમિતપણે વાત કરતા રહ્યા છે.

**ઝારખંડમાં મોટી સંખ્યામાં લોકોને મોદીનું સંબોધન**

# કૃષિ સેક્ટરમાં વધુ સુધારાની જરૂર છે : મોદીનો અભિપ્રાય

નવીદિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કૃષિ સેક્ટરમાં ધરખમ સુધારા લાવવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં મોદીએ ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું. જો કે, મોડેથી તેમના લોકસભા મતવિસ્તાર વારાણસીની યાત્રા મોદીને રદ કરવાની ફરજ પડી હતી. કારણ કે વારાણસીમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભાજપના નેતા લક્ષ્મીકાંત વાજપેયીએ માહિતી આપતા કહ્યું હતું કે, મોદીની વારાણસીની યાત્રા ખરાબ હવામાનના કારણે રદ કરવામાં આવી ચુકી છે. આગાહીમાં પણ જણાવવામાં આવ્યું છે કે, હજુ ભારે વરસાદ પડી શકે છે. મોદી મૂળભૂત કાર્યક્રમ મુજબ આજે વારાણસી પહોંચનાર હતા પરંતુ તેમની યાત્રા શક્ય બની ન હતી. બીજી બાજુ ઝારખંડમાં મોદી પોતાના અસલ રંગમાં દેખાયા હતા. તેમણે ઉમેર્યું હતું કે, જે રીતે અમે ઘણી વખત બિમાર થઈ જઈ છીએ તે રીતે જ માતૃભૂમિ પણ ઘણી વખત બિમાર થઈ જાય છે જેથી તેને પણ સજિવન કરવાની જરૂર છે. અમે પહેલાથી જ એક કૃષિક્રાંતિ જોઈ ચુક્યા છે. હવે વધુ એક કૃષિક્રાંતિની અમને જરૂર છે. કઠોળની સિંચાઈ કરનાર લોકો માટે ખાસ પેકેજ પણ આપવામાં આવી ચુક્યું છે. કૃષિમાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે તેવું પણ અમે ઈચ્છીએ છીએ. વધુ સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેની જરૂર છે. કૃષિ સેક્ટરમાં મદદરુપ થાય તેવા પગલા લેવાની જરૂર છે. અમારી કૃષિને વધારે વૈજ્ઞાનિક અને વધારે ઉપજાવું કઈ રીતે બનાવવામાં આવે તેની તરફ ધ્યાન આપવાની જરૂર છે. વસ્તી વધી રહી છે પરંતુ જમીન ઘટી રહી છે. ભવિષ્યમાં જમીનના વધુ ભાગલાઓના પરિણામ સ્વરુપે વધારે ઉત્પાદન જમીન રહેશે નહીં. આજે ઝારખંડ અને દક્ષિણ બિહારમાંથી લોકો આમા જોડાઈ ગયા છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે. અમારા ખેડૂતોની સ્થિતિને સુધારવાની જરૂર છે. બીજી બાજુ વારાણસીમાં ભારે વરસાદના કારણે મોદીની જાહેરસભા રદ કરવામાં આવી હતી. વરસાદના કારણે કાર્યકરોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. મોદીએ ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં એક રિસર્ચ સંસ્થાની આધારશીલા મુકી હતી.

## ભાજપ દાઉદને ક્લીન ચીટ આપી શકે : કોંગી

હૈદરાબાદ,તા. ૨૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે આજે કહ્યું હતું કે ઓડિયો ટેપ વિવાદમાં મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચોહાણને આપવામાં આવેલી ક્લીન ચીટને લઈને તેઓને કોઈ આશ્ચર્ય થયું નથી. તેમણે ઉમેર્યું હતું કે ભાજપ અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને પણ ક્લીનચીટ આપી શકે છે. કોંગ્રેસના નેતાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ભાજપ હમેશા તેમના સભ્યોને ક્લીનચીટ આપે છે. તે દાઉદ ઈબ્રાહિમને પણ ક્લીનચીટ આપી શકે છે. ઓડિયો ટેપ મામલામાં રાજ્યના ચૂંટણી કમિશન સક્ષમ મુખ્યમંત્રી સામે કોંગ્રેસ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ઓડિયો ટેપમાં ચૌહાણનો અવાજ સ્પષ્ટપણે સંભળાઈ રહ્યો હતો. ભાજપના અન્ય સ્થાનિક નેતા પાસેથી તરફેણ માટે તેમનો અવાજ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો.

**છેલ્લા એક વર્ષમાં ડુંગળીની કિંમતમાં ૪૦ ટકાનો વધારો**

# ભાવ વધારાને નિયંત્રણમાં લેવા ડુંગળીની આયાત કરવા તૈયારી

નવીદિલ્હી,તા. ૨૮

નરેન્દ્ર મોદી સરકાર ભાવ વધારાને કાબૂમાં લેવા માટે હવે ડુંગળીની આયાતને મંજુરી આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડુંગળીની કિંમતોમાં છેલ્લા એક વર્ષના ગાળામાં મેટ્રો શહેરોમાં ૪૦ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. આવી સ્થિતિમાં ડુંગળી વધારે ન રડાવે તે માટે સરકાર સ્થાનિક ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવા તથા ભાવ વધારાને ડામવા ડુંગળીની આયાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડુંગળીની રિટેલ કિંમતો ઉલ્લેખનીયરીતે વધી રહી છે. દિલ્હીમાં સૌથી વધુ વધારો ડુંગળીની કિંમતમાં જોવા મળ્યો છે જ્યાં ડુંગળીના ભાવ હાલમાં કિલોદીઠ ૩૪ રૂપિયાની આસપાસ પહોંચ્યા છે. એક વર્ષ અગાઉ ડુંગળીના ભાવ ૨૪ રૂપિયા હતા. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. સૂત્રોનું કહેવું



છે કે, ગયા સપ્તાહમાં સચિવોની કમિટિમાં જે પણ ચર્ચા કરવામાં આવી હતી. એવી ભલામણ પણ કરવામાં આવી હતી કે, બજારમાં પુરવઠાને પ્રોત્સાહન આપવા આયાતની શક્યતા તરફ ધ્યાન આપવામાં આવે. સાથે સાથે ભાવ વધારાને પણ કાબૂમાં રાખવામાં આવે. ગયા સપ્તાહમાં સરકારે ડુંગળીની લઘુત્તમ નિકાસ કિંમત વધારીને ટનદીઠ ૪૨૫ ડોલર કરી દીધી હતી જે અગાઉ ૨૫૦ ડોલર ટનદીઠની હતી. નિકાસને મર્યાદિત કરવા તથા સ્થાનિક ઉપલબ્ધતાને વધારવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો હતો. હોલસેલ અને રિટેલ માર્કેટ બંનેમાં કિંમતો સારી ગુણવત્તાની ડુંગળીના ઓછા પુરવઠાના કારણે વધવા લાગી ગયા છે. હોલસેલ અને રિટેલ માર્કેટમાં કિંમતો વધવા માટે અન્ય કારણો પણ રહેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર સહિત ડુંગળીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરતા રાજ્યોમાં સ્ટોરેજમાં ડુંગળીના પાકને ભારે નુકસાન થયું છે. આ વર્ષે મોટાભાગની ડુંગળી ખરાબરીતે સ્ટોરેજ કરવામાં આવી હતી જેથી આ રવિ પાકને ભારે નુકસાન થયું છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં માર્ચ મહિનામાં કમોસમી વરસાદના લીધે પણ નુકસાન થયું હતં. આ સ્થિતિમાં પાકને ભારે નુકસાન થયું છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાઈસ્ટોરેજ નુકસાનના કારણે બજારમાં ડુંગળીની ઉપલબ્ધતા ઘટી ગઈ હતી અને કિંમતો ઉપર દબાણ આવી ગયું હતું. હોલસેલ કિંમતો છેલ્લા એક મહિનાના ગાળામાં ઉલ્લેખનીયરીતે વધી ગઈ છે. સરકારે પણ છેલ્લા વર્ષે ડુંગળીની આયાત કરી હતી. આ વખતે પણ આયાત કરવાની ફરજ પડે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ભારતીય રેલવે-આર્મી સૌથી મોટા એમ્પ્લોયર્સમાં સામેલ

નવીદિલ્હી,તા. ૨૮

હાલમાં જ જારી કરવામાં આવેલા એક નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, બે ભારતીય સંસ્થા સેના અને રેલવે દ્વારા સૌથી વધુ પ્રમાણમાં રોજગારી આપવામાં આવી રહી છે. વિશ્વભરમાં સૌથી વધારે રોજગારી આપનાર એમ્પ્લોયર્સમાં બે ભારતીય સંસ્થા આર્મી અને રેલવે પણ સામેલ છે. આ બંનેએ સાથે મળીને ૨.૭ મિલિયન લોકોને રોજગારી આપેલી છે. વિશ્વના સૌથી મોટા એમ્પ્લોયર્સની યાદીમાં આ સંસ્થા આઠમાં ક્રમાંકે છે. ભારતીય રેલવે વિશ્વમાં સૌથી મોટા એમ્પ્લોયર્સ મિલિયન સ્ટાફ સાથે ભારતીય રેલવે આઠમાં ક્રમાંકે અને ૧.૩ મિલિયન લોકો સાથે ભારતીય સેના તેની સાથે જોડાયેલી છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકી સંરક્ષણ વિભાગ સૌથી મોટા એમ્પ્લોયર તરીકે છે. આમા ૩.૨ મિલિયન કર્મચારી કામ કરી રહ્યા છે જ્યારે ચીનમાં પીપલ્સ લીબરેશન આર્મીમાં ૨.૩ મિલિયન લોકો છે. વોલમાર્ટમાં ૨.૧ મિલિયન વર્કરો છે. મેકડોનાલ્ડમાં ૧.૪ મિલિયન કર્મીઓ છે. બ્રિટનની નેશનલ હેલ્થ સર્વિસમાં ૧.૭ મિલિયન કર્મચારીઓ છે. ચીનમાં નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશનમાં ૧.૬ મિલિયન કર્મચારી છે. બીજી બાજુ સ્ટેટ ગ્રીડ કોર્પોરેશન ઓફ ચાઈનામાં ૧.૫ મિલિયન કર્મચારીઓ છે. દરેક વ્યક્તિની દૃષ્ટિએ આની ગણતરી કરવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચર ફોક્સકોન ૧.૨ મિલિયન લોકો સાથે ૧૦માં ક્રમાંક ઉપર છે.

## જુલાઈ-ઓગસ્ટમાં નોર્મલ કરતા ઓછો વરસાદ થશે

નવીદિલ્હી, તા. ૨૭

જૂન મહિનામાં ઉલ્લેખનીયરીતે વરસાદ થયો હોવા છતાં હવામાન વિભાગે લોકોને નિરાશા થાય તેવી આગાહી કરી છે. હવામાન વિભાગે કહ્યું છે કે, જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ઓછો વરસાદ રહી શકે છે. હવામાન વિભાગની આ આગાહીથી મોદી સરકાર અને ખેડૂત સમુદાયમાં ફરીવાર ચિંતા વધી ગઈ છે. કૃષિ મંત્રાલય દ્વારા પહેલાથી જ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આગામી બે મહિનામાં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેવાની આગાહી કરાઈ છે. સાથે સાથે હવામાન વિભાગે કોન્ટીજેન્સી યોજના તૈયાર કરી લેવા કૃષિ મંત્રાલયને સૂચના આપી છે. આઈએમડીના ડિરેક્ટર જનરલ લક્ષ્મણસિંહ રાઠોડે કહ્યું છે કે, જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં ક્રમશઃ ૮ અને ૧૦ ટકા સુધીનો ઓછો વરસાદ રહી શકે છે. જૂન મહિનામાં ખુબ સારો વરસાદ પડી ચુક્યો છે. વાવણીની સિઝન ચાલી રહી છે પરંતુ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં સારો વરસાદ પડે તેવી સ્થિતિ દેખાઈ રહી નથી. જૂનમાં જે પ્રકારનો વરસાદ પડ્યો છે તેવો વરસાદ જુલાઈ અને ઓગસ્ટમાં પડશે નહીં. જો કે, રાઠોડે કહ્યું છે કે, પ્રિમોનસુનમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે સરોવર ભરાઈ ગયા છે જેથી રાહત મળી છે. જૂન મહિનામાં ખુબ સારો વરસાદ પડી ચુક્યો છે. જૂન મહિનો વાવણી માટે મહત્વપૂર્ણ મહિનો રહે છે. બીજી બાજુ ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટે આગાહી કરતા કહ્યું છે કે, જુલાઈ મહિનામાં નોર્મલ વરસાદ ૧૦૪ ટકા કરતા વધુ વરસાદ પડશે. જ્યારે ઓગસ્ટમાં ૯૯ ટકા અને સપ્ટેમ્બર ૯૬ ટકા વરસાદની વાત કરવામાં આવી છે. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે, લોંગપિરિયડ એવરેજ (એલપીએ)ના ૯૦ ટકાથી ઓછા વરસાદને ઓછા વરસાદ તરીકે ગણવામાં આવે છે જ્યારે ૯૦-૯૬ ટકાને સામાન્ય કરતા ઓછો વરસાદ ગણવામાં આવે છે. ૯૬-૧૦૪ ટકાને સામાન્ય વરસાદ ગણવામાં આવે છે જ્યારે ૧૦૪થી ૧૧૦ ટકાને સામાન્યથી ઉપર ગણવામાં આવે છે. આનાથી વધારે વરસાદ થાય તો તેને વધારે વરસાદ કહેવામાં આવે છે. આ વર્ષે આઈએમડી દ્વારા ૮૮ ટકા વરસાદની વાત કરવામાં આવી છે જે ઓછા વરસાદની સ્થિતિને દર્શાવે છે. ઉત્તર પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં આનાથી ઓછો વરસાદ રહી શકે છે. જો કે, જૂન મહિનામાં સામાન્ય વરસાદ કરતા ૨૮ ટકા વધુ વરસાદ થઈ ચુક્યો છે. હવામાનની સ્થિતિમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપ્યા બાદ તેમના પાકની પસંદગી કરવા ખેડૂતોને કહેવામાં આવ્યું છે. દાખલા તરીકે જે પ્રદેશમાં સામાન્યરીતે ૧૦૦-૧૧૦ મીમી વરસાદ થાય છે ત્યાં માત્ર ૬૦-૭૦ એમએમ વરસાદ થયો છે. આવી સ્થિતિમાં ડાંગરના બદલે મકાઈની ખેતી વધારે યોગ્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં ભારે વરસાદ થયો છે. જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગુજરાતમાં પણ ભારે ખુવારી થઈ છે જેમાં અમરેલીમાં સૌથી વધુ નુકસાન થયું છે. આવનાર દિવસોમાં ઓછા વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ ખેડૂત સમુદાય ચોક્કસપણે ચિંતિત છે. જો કે, હાલમાં દેશના કેટલાક ભાગોમાં પુરની સ્થિતિ પ્રવર્તી રહી છે.

## આસામ, મેઘાલય અને પશ્ચિમ બંગાળમાં ધરતીકંપનો આંચકો

ગુવાહાટી,તા. ૨૮

આસામ, મેઘાલય અને પશ્ચિમ બંગાળ આજે ૫.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકાના કારણે હચમચી ઉઠ્યા હતા. આ ઉપરાંત ભૂટાનમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપમાં ત્રણ લોકોને ઈજા થઈ છે જ્યારે પ્રાચીન મંદિરને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, આજે વહેલી પરોઢ ૬.૩૫ વાગે મેઘાલય, પશ્ચિમ બંગાળ, પાટનગર ગુવાહાટી સહિત આસામના તમામ ભાગો અને પડોશી દેશ ભુટાનમાં આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર કોકરાઝારમાં જમીનની નીચે હોવાનું જાણળા મળ્યું છે. આસામ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના મુખ્ય કારોબારી અધિકારી પ્રમોદ કુમારે માહિતી આપતા કહ્યું છે કે, અમને એવી માહિતી મળી હતી કે, કોકરાઝાર રેલવે સ્ટેશન નજીક ત્રણ લોકોને નજીવી ઈજા થઈ છે. એક જુની દિવાલ પણ ધરાશાયી થઈ હતી. ઘાયલ થયેલા તમામ લોકો શાકભાજીનું વેચાણ કરનાર લોકો છે. ઘાયલ લોકોને સારવાર આપવામાં આવી રહી છે. બીજી બાજુ આસામના ચિરાંગ જિલ્લામાં પ્રાચીન મંદિરમાં સિંહની એક મૂર્તિ તુટી પડી હતી. જિલ્લા અધિકારીઓએ આ સ્થળની મુલાકાત લઈને વધારે માહિતી એકત્રિત કરી છે. બાંગ્લાદેશ, નેપાળમાં પણ આંચકા અનુભવાયા હોવાનું જાણવા મળ્યું છે. આસામમાં બેસુગાંવથી ૨૩ કિલોમીટરના ઉત્તરે ભૂકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે, હાલમાં જ નેપાળમાં બે વખત વિનાશકારી ભૂકંપના પ્રચંડ આંચકા આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. એકલા નેપાળમાં ૧૦૦૦૦ની આસપાસ લોકો માર્યા ગયા હતા. તેની સીધી અસર ભારતમાં પણ થઈ હતી.

# ઝિમ્બાબ્વે પ્રવાસ માટે આજે ટીમ ઈન્ડિયાની પસંદગી થશે

નવીદિલ્હી,તા. ૨૮

થાકના પરિબળને ધ્યાનમાં લઈને ઝિમ્બાબ્વે સામેની શ્રેણી માટે ટોપ ખેલાડીઓને આરામ આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલીને આરામ આપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આવતીકાલે પસંદગીકારોની બેઠક મળનાર છે જેમાં ટીમની પસંદગી કરવામાં આવશે. ઝિમ્બાબ્વેના પ્રવાસમાં ભારતીય ટીમ વનડે મેચો રમનાર છે. હાલમાં જ બાંગ્લાદેશના પ્રવાસ દરમિયાન ભારતીય ટીમની હાર થઈ હતી. સતત ક્રિકેટ રમવાના પરિણામ સ્વરુપે બાંગ્લાદેશના પ્રવાસમાં નિરાશા દેખાતી હતી. પસંદગીકારો યુવા ખેલાડીઓને પણ તક આપવા માંગે છે. એવા સંકેત મળી રહ્યા છે કે, કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની, ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલી અને ટોપ સ્પીનર અશ્વિનને આરામ આપવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં રોહિત શર્મા અને સુરેશ રૈના કેપ્ટનશીપ માટે જવાબદાર રહી શકે છે. રોહિત શર્મા પ્રબળ દાવેદાર છે. કારણ કે આ સિઝનમાં આઈપીએલ ટાઈટલ મુંબઈ ઈન્ડિયન્સને અપાવવામાં તેની ભૂમિકા હતી જ્યારે સુરેશ રૈના ટુંકી ફોર્મેટ માટે કેપ્ટનશીપ માટે પ્રબળ દાવેદાર છે. રહાણેની પસંદગી કરવામાં આવે તેવી શક્યાતા છે. ૧૦મી જુલાઈના દિવસથી આ શ્રેણી શરૂ થઈ રહી છે. અશ્વિન અને કોહલી બંને ફોર્મેટમાં રમી રહ્યા છે જ્યારે ધોની વર્લ્ડકપ બાદ ઓસ્ટ્રેલિયાના પ્રવાસથી ભારે વર્કલોડ ધરાવે છે. આ ત્રણેય ખેલાડીઓને આરામ અપાય તેવી શક્યતા છે. શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં લઈને કોહલી અને અશ્વિનને આરામ આપવામાં આવી શકે છે. અશ્વિનની ગેરહાજરીમાં પરવેઝ રસુલ અને હરભજનસિંહ વચ્ચે સ્પર્ધા રહેશે. રોબિન ઉથ્થપાને પણ તક આપવામાં આવી શકે છે. સ્ટુઅર્ટ બિન્ની, રાયડુ, મોહિત શર્માની પસંદગી નિશ્ચિત દેખાઈ રહી છે. ઝડપી બોલર ઉમેશ યાદવને પણ આરામ આપવામાં આવે તેમ માનવામાં આવે છે. ત્રણ વનડે મેચ અને બે ટ્વેન્ટી મેચ આ પ્રવાસ દરમિયાન રમાશે. બીસીસીઆઈએ આ અંગે સ્પષ્ટતા કરી દીધી છે. હજુ સુધી પ્રવાસને લઈને દુવિધા હતી. સુરેશ રૈનાએ છેલ્લે ૨૦૧૦માં ઝિમ્બાબ્વેના પ્રવાસમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું જ્યારે વિરાટ કોહલીએ ૨૦૧૩માં કેપ્ટન તરીકેની ભૂમિકા ભજવી હતી. ઝિમ્બાબ્વે અને શ્રીલંકાને આવરી લેતી ત્રિકોણીય શ્રેણીની ફાઈનલમાં પહોંચવામાં ભારતીય ટીમ નિષ્ફળ ગઈ હતી. તે વખતે રૈના કેપ્ટન તરીકે હતો જ્યારે કોહલીએ પાંચ વનડે મેચોની શ્રેણીમાં નેતૃત્વ કર્યું હતું.

## સ્પોટ ફિક્સિંગ કેસમાં આજે આરોપો ઘડવા સંદર્ભે આદેશ

નવીદિલ્હી,તા. ૨૮

દિલ્હીની કોર્ટ સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં આરોપો ઘડવા અંગે તેનો ચુકાદો આવતીકાલે જાહેર કરનાર છે. જેને લઈને ભાર ઉત્તેજના જોવા મળી રહી રહી છે. આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં સસ્પેન્ડ કરવામાં આવેલા ક્રિકેટર એસ. શ્રીસંથ, અજિત ચંડીલા, કીત ચોહાણ અને અન્યો આરોપી તરીકે છે.ઉપરાંત અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને તેના સાગરીત છોટા શકીલ પણ આરોપી તરીકે છે. એડિશનલ સેસન જજ નીના બંસલ કૃષ્ણાએ ૨૩મી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. કેસમાં એ દિવસે આરોપો ઘડવા અંગે ચુકાદો જાહેર કરવામાં આવ્યો ન હતો. જો કોઈ પણ પ્રકારની દલીલ છે તો તે દલીલો લેખિતમાં છઠ્ઠી જુન સુધી કરવા માટે આરોપીઓના વકીલોને સુચના આપવામાં આવી હતી. દિલ્હી પોલીસના ખાસ સેલે તેની ચાર્જશીટમાં આ કેસમાં ૪૨ આરોપી લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. જે પૈકી છ આરોપી ફરાર છે. આ કેસમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી હતી. જેમાં મેચ ફિકસિંગને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી. આરોપી દ્વારા કોઈ મેચ ફિક્સ્ડ કરવામાં આવી હોવાના પુરાવા મળતા નથી તેવી વતા શરૂઆતમાં કરવામાં આવી હતી. કેસમાં આરોપો ઘડવાની દલીલો વેળા આરોપીઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો. મેચ ફિકસિંગ અને સટ્ટામાં તેમની સંડોવણી હોવાની વાતને સમર્થન આપવામાં આવ્યુ હતુ. જો કે આરોપી તરફથી કેસ લડી રહેલા વકીલોએ પોલીસની રજૂઆત સામે વળતા દાવા કર્યા હતા. સાથે સાથે કહ્યું હતું કે તપાસમાં એવી કોઈ બાબત નક્કી થતી નથી કે તેમના અસીલોએ કોઈ ગુનો આચર્યો છે. પોલીસે માહિતી આપતા કોર્ટમાં કહ્યું હતું કે વર્ષ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસના સંબંધમાં દાઉદ અને શકીલની સંપત્તિ પહેલાથી જ ફ્રીઝ કરવામા આવી ચુકી છે.

**જોકોવિક, નડાલ, ફેડરર, મરે ઉપર નજર રહેશે**

# આજથી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપની શરૂઆત

લંડન,તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક રાજ જોવામાં આવી રહી છે તે ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ આવતીકાલથી લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ ખાતે શરૂ થઈ રહી છે. કરોડો ટેનિસ ચાહકો આની ઘણા સમયથી ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં વર્તમાન ચેમ્પિયન નોવાક જોકોવિક અને પેટ્રા ક્વીટોવા પુરૂષ અને મહિલા વર્ગમાં સિંગલ્સ તાજ જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. હાલમાં ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં નોવાક જોકોવિક સહેજમાં ચેમ્પિયન બનતા રહી ગયો હતો. આવી સ્થિતીમાં તે વિમ્બલ્ડનમાં વધારે પડકારૂપ સ્થિતીને પહોંચી વળવામાં સફળ રહેશે કે કેમ તે મોટા પડકારતરીકે રહેશે. વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં આ વખતે ઈનામી રકમ પણ વધારી દેવામાં આવી છે. તેમાં સાત ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આવતીકાલે આની શરૂઆત થયા બાદ ૧૨ જુલાઈ સુધી ચેમ્પિયનશીપ ચાલનાર છે. આ વખતે રાફેલ નડાલ હાલમાં ઈજાગ્રસ્ત રહેવાના કારણે અને ખરાબ ફોર્મમાં રહેતા તેને રેંકિંગમાં ૧૦માં ક્રમે રાખવામાં આવતા આને લઈને ચર્ચા છે. ઉપરાંત નોવાક જોકોવિચ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ફાઈનલમાં હાર ખાધા બાદ વિમ્બલ્ડનમાં પોતાના તાજને જાળવી રાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. પ્રથમ ક્રમાંકિત ખેલાડી રોલેન્ડ ગેરોસ ખાતે ફ્રેન્ચ ઓપન જીતવા આશાવાદી દેખાઈ રહ્યો હતો પરંતુ તે કેરિયર ગ્રાન્ડસ્લેમની સફળતા હાસલ કરી શક્યો ન હતો અને તે ફાઈનલમાં સ્ટેઈન વાવરિન્કા સામે હારી ગયો હતો. જો કે, વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં તે વધુ સારા દેખાવ સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર દેખાઈ રહ્યો છે. સાત વખતના વિમ્બલ્ડન ચેમ્પિયન રોઝર ફેડરરને વર્ષ ૨૦૧૪ની ફાઈનલમાં જોકોવિચે હાર આપી હતી. રોઝર ફેડરરને પણ ફેવરિટ ખેલાડી તરીકે ગણવામાં આવે છે. રાફેલ નડાલને ૧૦માં ક્રમ ઉપર ફેંકવામાં આવ્યો હોવા છતાં તે હજુ પણ સૌથી શક્તિશાળી ખેલાડી છે. ૨૦૦૮ અને ૨૦૧૦માં વિમ્બલ્ડન ચેમ્પિયન બની ચુકેલા અને અગાઉ નંબર વન ખેલાડી તરીકે રહી ચુકેલા રાફેલ નડાલનો રેકોર્ડ તાજેતરના સમયમાં ઓલ ઈન્ડિયયન ક્લબ ખાતે નિરાશાજનક રહ્યો છે. વર્તમાન ચેમ્પિયન અને પાંચ વખત વિમ્બલ્ડન જીતી ચુકેલી સેરેના વિલિયમ્સ મજબૂત ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે.